
ના



ગાંડીવ બાલોદ્યાનમાલા

પુષ્પ : : ઓગણીસમું

કેરીનાં ભજીયાં

લેખક

ઈશ્વરલાલ વોમાવાળા

૧૯

પ્રગટકર્તા—

ગાંડીવ સાહિત્ય મંદિર

૧૮૦–કેળાંપીઠ,

સુરત

૧૫૭૪૧

બાળકો હંમેશ કોઈ જુદીજ દુનિયામાં વિહાર કરે છે. એમનાં સ્વપ્નાં એમની કલ્પનાઓ, એની આકાંક્ષાઓ કંઈ જુદીજ, કંઈ નવીજ હોય છે. બાળકની દુનિયા એટલે નિઃસર્ગની દુનિયા. નિઃસર્ગમાંથી દરેક વસ્તુને એ કોઇ અવનવાજ ભાવથી પેખે છે. ઢીંગલા–ઢીંગલીનાં લગન કરતી વેળા કે ઉંદર, વાઘ–બકરી કોઇ પણ પ્રાણીનાં રમકડાં સાથે રમતી વેળા આ વસ્તુઓ નિર્જીવ છે એવો ખ્યાલ એને રહેતો નથી. એને તો સર્વ કોઈ પોતાના જેવુંજ ચેતનમય, સજીવ લાગે છે. વડર્ઝવર્થને મળેલી પેલી બાલાએ એને નહોતું કહ્યું કે "અમે સાત ભાંડુ છીએ"? એ સાત ભાંડુમાંનાં એક બે સ્મશાનમાં સૂતેલાં, એક બેને રત્નાકરના જળરાશિએ પોતાનામાં સમાવી દીધેલાં —એમ છતાં એને મન તો સર્વ જીવંતજ હતાં......

એવાં બાળકોને ચરણે આ કલ્પનાસૃષ્ટિની એક વાત મૂકતાં આનંદ થાય છે. નાનાં પ્રાણીઓ, ઉંદરો પોતાની ચપળતા ને રમુજી ઘાટ-ઘટમથી બાળકને ખાસ આકર્ષે છે. એ ઉંદરડાં, બકરાં, સસલાં, કુતરાં સૌની એક દુનિયા કલ્પીને આ વાત લખેલી છે. એની ઘણી ખૂબી એના ચિત્રોમાં પણ છેજ.

આ ચિત્રો માટે સુરતના એક ઉગતા ચિત્રકાર ભાઈ રસિકનું ઋણ સ્વીકારવું ઘટે. એમની કલા ખીલતી આવે છે અને દિન પ્રતિદિન તેમાં સ્પષ્ટ વિકાસ થતો દેખાય છે. જે પ્રેમ અને લાગણીથી તેઓ ગાંડીવ માટે કામ કરે છે, તે વર્ણવ્યાં જાય તેમ નથી. એક દિવસે આખું ગુજરાત એમની કદર કરશેજ એવી પૂરી શ્રદ્ધા છે. **ન. વી.**

***

આ બીજી આવૃત્તિમાં કદ માત્ર બદલ્યું છે. ઉપર લખ્યું છે કે ચિત્રકાર રસિકની કળા ખીલતી જાય છે, પરંતુ એને પૂરી ખીલવાને તક મળીજ નથી. સંવત ૧૯૮૪ ના ભાદરવા માસની શુકલ ચૌદસને દિવસે, આનંદ ચૌદસને દિવસે એ ભાઇની ચિત્રકળા તેમજ જીવનકળા પૂર્ણપણે સમી ગઇ. તે કહેવાતી આનંદ ચૌદસે સુરતમાં નીકળેલા ગણપતિ સરઘસને પ્રસંગે કોઈ હત્યારા મુસલમાને એ નિર્દોષ યુવકના પેટમાં છરો ઘોંચી ઘાલ્યો અને તેજ રાત્રે એણે આ નશ્વર દુનિયાનો ત્યાગ કર્યો. ગાંડીવની બાલ–માળાને સચિત્ર કરવામાં ભાઈ રસિકની અમને અમૂલ્ય સહાય હતી તે–તે દિવસથી અમે ગુમાવી બેઠા. બાલોદ્યાન માળાનો પહેલો આખો સટ ભાઇ રસિકની પીંછીથી શણગારાયલો છે. એટલે એ ભાઇ પ્રત્યેનું ઋણ અલ્પાંશે અદા કરવા આ પુસ્તક પર અમે એનો ફોટો છાપ્યો છે. **ઇ. વી.**

ગાંડીવ મુદ્રણાલય ફેળાંપીઠ સુરતમાં છાપીને ગાંડીવ સાહિત્ય મંદિરમાં ઇશ્વરલાલ વીમાવાળાએ પ્રસિ[illegible] સં. ૧૯૮૭. સ[illegible]

કેરીનાં ભજીયાં

૧ ડાહી દીકરી

ગમુ કરીને એક ઉંદરડી હતી. તે બહુ ડાહી અને હોંશીઆર હતી. રોજ પાટી–ખડીઓ લઇને નિશાળે ભણવા જાય. ત્યાં માસ્તર સાહેબની પાસે બેસીને ધ્યાન દઇને ભણે. સાંજે ઘેર આવે. પછી માબાપની સેવા ચાકરી કરે.

તેનાં માબાપ ઘરડાં થયાં હતાં. તબીયત બરાબર રહે નહિ તેથી તેમનાથી બહાર જવાય અવાય નહિ. એટલે બજારથી કંઇ લાવવું કરવું હોય તો ગમુજ જતી.

વળી તે પોતાની બાને રાંધવામાં તથા ઘરનાં બીજાં કામો કરવામાં મદદ કરતી. નાનકડી ગમુ એના માબાપને ઘણી વહાલી હતી. જે કોઇ કામ કરે, તે તો વહાલું લાગેજ ને ?

૨ વરસમાંઠનો દહાડો

રોજ રાંધવાની વખત થાય એટલે ગમુનાં માબાપ એને બજારમાં શાકભાજી લેવા મોકલે. એક દિવસ ગમુની વરસમાંઠ હતી. તે

દહાડે ઘરમાં સારા સારી રસોઇ કરવાની હતી. શાકભાજી પણ બે ચાર જાતનાં બનાવવાનાં હતાં. ભજીયાં માટે કેળાં, રતાળુ વગેરે અને કચુંબર માટે કાકડી, કમરખ, જમરૂખ વગેરે પણ લાવવાનાં હતાં.

ગમુ તે દિવસે સવારના પહોરમાં વહેલી ઉઠી. ન્હાઇ ધોઇને માબાપને પગે લાગી. પાછી તેની બાએ કહ્યું કે બ્હેન, આજે તારી વરસગાંઠ છે તેથી આપણે સારી સારી રસોઇ કરવાની છે. બોલ આજે શું બનાવીશું ?



ગમુ કહે–શિખંડ, પુરી ને ભજીયાં.

બા કહે કે બહુ સારૂં.

ગમુ કહે–બા, ભજીયાંમાં આપણે થોડાંક કેરીનાં ભજીયાં પણ બનાવીશું ? હમણાં બજારમાં આફુસની કેરી બહુ સારી મળે છે.

એની બા કહે–ત્યારે તું થોડા પૈસાની કેરીઓ પણ લેતી આવજે. અને બીજી બધી ચીજો લાવવાની છે તેને માટે બજારમાં જતાં પહેલાં તું એક ટીપ કરી લે.

ગમુ કહે–વારૂ બા.

૩ ખરીદવાની ચીજો

એમ કહીને કાગળ પેન્સીલ લઇને તે ટીપ કરવા બેઠી. એની બા બજારમાંથી લાવવાની બધી ચીજોનાં નામ લખાવતી ગઇ, તે



-ાણે એ લખતી ગઈ. કાકડી, કોબીજ, કમરખ, કોપરૂં વગેરે. વળી ઘરમાં કેટલાક મસાલા પણ ખલાસ થઇ ગયા હતા; તેથી ગાંધીની દુકાનેથી હળધર, રાઇ, સંચોરો વગેરે પણ લાવવાનાં હતાં. ગમુએ તે બધાંનાં નામો ચોક્કસ લખી લીધાં. ને દરેક ચીજ કેટલા પૈસાની લાવવી તે પણ લખ્યું.

જ્યારે બધી ચીજોનાં નામ લખાઇ રહ્યાં ને મોટી ટીપ તૈયાર થઇ, ત્યારે ગમુ તે જોઇને બોલી–પણ બા, હું એકલી તે આ બધી ચીજો કેવી રીતે લાવીશ ?

ત્યારે એની બાએ કહ્યું કે બ્હેન, તારાથી આ બધું નહિ લવાય તો સાથે ચુંચુંકાકાના મીઠુને તેડતી જજે. તે તને ચીજો લેવા લાગશે. અને વળી જરૂર પડે તો એકાદ મજુર કરી લેજે.

૪ બજારમાં ચાલ્યાં.

વારૂ બા, એમ કહીને ગમુ તો ચાલી નીકળી. સાથે તેણે પૈસાની કોથળી ને એક ટોપલી પણ લઇ લીધી. તે ચુંચુંકાકાના ઘર તરફ જવા લાગી. એટલામાં એને કાંઇક સાંભરી આવ્યું. તેથી તે પાછી ફરી. ઘેર આવીને બાને કહેવા લાગી કે બા, હું મીઠુભાઇને સાથે તો લઇ જાઉં; પણ આજે મારી વરસગાંઠને દહાડે આપણે ત્યાં એને જમવાનું નહિ કહેવું જોઇએ ?

ત્યારે બાએ કહ્યું કે–હા. બેટા, એ તો હું વિસરીજ ગઇ. સારૂં થયું કે તેં યાદ કરાવ્યું. તું ચુંચુંકાકાને ઘેર નોતરૂં દેજે ને મીઠુને તારી સાથેજ જમવાને તેડી લાવજે.

વારૂ–એમ કહીને ગમુ બહાર નીકળી. ચુંચુંકાકાને ઘેર જઇને બારણું ઠોક્યું. તે વેળા ચુંચુંકાકા ઘરમાં ન હતા. પણ ટીલી કાકી હતાં. તેમણે અંદરથી પૂછ્યું કે કોણ છે રે?



ગમુ કહે કે એ તો હું છું. ટીલી કાકી બારીએ આવ્યાં. ગમુને જોઇ એટલે મ્હોં મલકાવીને કહ્યું કે આવ બ્હેન. એમ કહીને તેમણે નીચે આવીને બારણું ઉઘાડ્યું.

૫ મીઠુભાઇને નોતરૂં.

ગમુએ અંદર જઇને પૂછ્યું કે મીઠુભાઇ ક્યાં છે? ત્યારે કાકીએ જવાબ દીધો કે એ તો એના બાપની સાથે સવારના પહોરમાં ખેતરોમાં ફરવા ગયો છે.

હવે, મીઠુના બાપા મોટા જમીનદાર હતા. તેમની પાસે મોટાં મોટાં ખેતરો હતાં. તે ખેતરને નોકરો રાખીને ખેડાવતા. રોજ રોજ સવારે પાઘડી લુગડાં પહેરીને ખેતરોની તપાસ કરવા જતા. કોઇ કોઇ વાર તે મીઠુને પણ સાથે લઇ જતા. તે કહેતા કે સવારે ખેતરોમાં ફરવાથી તબીયત સારી રહે છે.

પછી ટીલી કાકીએ પૂછ્યું કે કેમ, તારે મીઠુનું શું કામ છે ?

ગમુએ જવાબ દીધો કે કાકી, મારે એને બજારમાં સાથે લઇ જવો છે. આજે મારી વરસગાંઠ છેને ? તેથી મારી બાએ મીઠુભાઇને અમારે ત્યાં જમવા તેડયો છે.

એમ કહીને ગમુએ નોંતરૂં દીધું. અને મીઠુ આવે કે તરત પોતાને ઘેર મોકલવાનું કહીને તે ચાલી નીકળી. તે મનમાં વિમાસણ કરવા લાગી—કે અરે, હવે હું એકલી તે આટલી બધી ચીજો કેમ કરીને લઇ શકીશ ?



૬ ખીસકોલી મજુરણ.

આમ વિચાર કરતી કરતી તે બજાર પાસે આવી પહોંચી. ત્યાં રસ્તાની એક બાજુ પર તેણે એક ખીસકોલી મજુરણને બેઠેલી જોઇ. તે ગમુની ઓળખીતી હતી. પોતાનો મોટો ટોપલો ભોંય પર મૂકીને તે નિરાંતે પાન ખાતી હતી અને રસ્તે જતા આવતા લોકોમાંથી કોઇ પોતાને મજુરીએ બોલાવે તેની વાટ જોતી હતી.

ગમુએ તેને પૂછ્યું કે કેમ અલી, મજુરીએ આવે છે કે ?

ખીસકોલી બાઇ કહે—હા રે બ્હેન. હું તો તારીજ વાટ જોતી હતી. એમ કહેતી તે ચપચપ પાનની ચમચી બાંધી દઇને ટોપલો લઇને ઉઠી. તે વખતે એક સસલાભાઇ કોટ પાટલુન પહેરીને ફરવા

જવાને તૈયાર થઇ પોતાની બારીમાં ઉભા હતા. તે હસવા લાગ્યા.

૭ બકરાભાઇની દુકાને.

ગમુ તેને લઇને પહેલાં ગાંધીની દુકાને ગઇ. ગાંધી એક બકરાભાઇ હતા. તે જ્યારે નાના હતા ત્યારે એક મદારીના ખેલમાં જતા હતા ને નાની સરખી ડુગડૂગી પર ચારે પગે ઉભા રહેવાનો ખેલ કરતા હતા. મોટા થયા પછી તેમણે ગાંધીની દુકાન માંડી; ને એક સસલાને પાંચ રૂપિયાના પગારે નોકરીએ રાખ્યો. પોતે ગાદી તકીએ બેસે અને સસલાભાઇ જે જે ચીજો લાવી આપે તે ત્રાજવા વતી બરાબર તોળી ઘરાકને આપે. ત્રાજવાની દાંડી બરાબર દેખાય તે માટે તેમણે મુંબાઇથી પત્થરના ચશ્મા મંગાવીને પહેરવા માંડ્યા હતા. આથી તેમની દુકાને સારી ઘરાકી ચાલતી હતી.



ગમુ હંમેશાં બકરાભાઇને ત્યાંથીજ ગાંધીયાણું ખરીદતી. કોપરૂં, હળધ, મરચાં, દરાખ વગેરે વેચાતાં લઇને પડીકાં બંધાવી તેણે ખીસકોલીના ટોપલામાં નંખાવ્યાં. પછી શાકભાજીવાળાને ત્યાંથી કાકડી, કોબીજ, દુધી વગેરે લીધાં. રાયતાં માટે કેળાં ને ભજીયાં માટે કેરીઓ પણ લીધી. કચુંબર માટે કમરખ ને જમરૂખ પણ લીધાં. એટલામાં તો ખીસકોલી બાઇનો આખો ટોપલો ભરાઇ ગયો તે તેનાથી એકલે હાથે માથે ચઢાવાય નહિ અને હજુ તો બીજી કેટલીક વસ્તુઓ લેવાની બાકી હતી. હવે કેમ કરવું ?

૮ મીઠુભાઇ મળી ગયા.

પણ એટલામાં સારે નસીબે મીઠુભાઇ બજારમાં આવતા દેખાયા. તે પોતાના બાપની આંગળી ઝાલીને આવતા હતા. રસ્તામાં ભીડ ઘણી ને મોટરોની દોડાદોડ ચાલે. એક કુતરાભાઇ સિપાઇ તરીકે ઉભા રહીને બધી મોટરને રીતસર ચલાવવાનો હુકમ કરતા હતા. તો પણ કદાચ છુંદાઇ જવાય તો છ મહિનાનો ખાટલો થાય એવી બ્હીકથી મીઠુભાઇ બાપાની આંગળી પકડીને ચાલતા હતા.

ચુંચુંકાકાને જોતાંજ ગમુએ કહ્યું કે કાકા, હું તો હમણાંજ તમારે ઘેર જઇ આવી. ચુંચુંકાકાએ પુછ્યું કે કેમ ?

ગમુએ જવાબ દીધો—આજે મારી વરસગાંઠ છે; તેથી મારે ઘેર આજે સારી સારી રસોઇ કરવાની છે. અને મીઠુભાઇને મારે ઘેર જમવાનું છે. તેનું નોતરૂં દેવા હું તમારે ઘેર ગઇ હતી, પણ તમે તો મળ્યાજ નહિ. પણ હવે મીઠુભાઇને તમે મારી સાથે મોકલો.

એ સાંભળીને મીઠુ તો રાજી રાજી થઇ ગયો. તે બાપની આંગળી ઝાલીને કુદવા લાગ્યો. ને બોલ્યો કે હા બાપા, મને ગમુ બ્હેનની સાથે મોકલો. આજે હું એને ઘેર જમીશ.



મીઠુની મરજી જોઇને ચુંચુંકાકાએ તેને ગમુને ત્યાં જવાની રજા આપી. તેમણે ખીસકોલીબાઇને માથે ટોપલો ચઢાવી આપ્યો; ને પછી પોતે પોતાના ઘરને રસ્તે પડ્યા. ગમુએ પણ મીઠુની

સાથે મળીને કેટલીક વસ્તુઓ ખરીદ કરી. પછી રસ્તે ગમ્મત કરતાં કરતાં બંને ઘેર જવા લાગ્યાં.


૯ કાણીઓ કબુતર.

થોડેક દૂર ગયાં એટલે એક કબુતરનું ઘર આવ્યું. તે કબુતર કાણો હતો. મીઠુભાઇને તેની સાથે દોસ્તી હતી. તેથી તેણે ગમુને કહ્યું કે બ્હેન, જરા ઉભી રહે તો. હું કાણીઆ કાકાને મળી લઉં.

ગમુએ પૂછ્યું કે એ વળી કોણ છે ?

મીઠુએ જવાબ આપ્યો કે એ તો મારો દોસ્તદાર છે. પછી એક આંખ મીંચીને કહ્યું કે એક આંખે આમ છે.

આથી ગમુને કાણીઆ કાકા કેવા છે તે જોવાનું મન થયું. તેથી ખીસકોલી બાઇને થોડી વાર ઉભી રહેવાનું કહીને પોતે મીઠુભાઇની સાથે કબુતરના ઘરમાં જવા લાગી. એટલે ખીસકોલી બોલી કે લે બ્હેન, મારે માથે તો આટલો બધો ભાર છે, ને તું તો મને ઉભી રાખીને રસ્તામાં કોઇના ઘરમાં ચાલી. તે હું ક્યાં સુધી અહીં ઉભી રહું ?



એવું સાંભળીને ગમુએ કહ્યું કે ઉભી રહે, બ્હેન, હું તને ટોપલો ઉતરાવું છું.

એમ કહીને તેણે મીઠુની સાથે મળીને ટોપલો ઉતરાવ્યો. એટલે ખીસકોલીબાઇ પાછાં ચમચી છોડી ને પાન ખાવા બેઠાં. તે પાનાનાં બહુ શોખીન હતાં.

બીજી તરફ ગમુ ને મીઠુ કાણીઆ કાકાના ઘરમાં ગયાં. તે વખતે કબુતર અને તેની વહુ કબુતરી ઘરના દિવાનખાનામાં લખોટે રમતાં હતાં. વચમાં એક આંચ પાડી હતી; ને કાણીઆ કાકા એક લખોટાને પગ વડે પકડીને આંચમાં નાંખતા હતા. તેજ વખતે આ બે જણાં ત્યાં જઈ ચઢ્યાં.

મીઠુ ને ગમુને અચાનક આવી પહોંચેલાં જોઇને પેલાંઓ શરમાઇ ગયાં. તેમણે લખોટા એક કબાટની તળે ગબડાવી દીધા; ને પછી મીઠુને પૂછ્યું કે કેમ મીઠુભાઇ, મઝામાં છો ને ? મીઠુએ કહ્યું કે હા.

કબુતર કહે—આ સાથે આવી છે તે કોણ છે વળી ?

મીઠુ કહે—એ તો મારી પિત્રાઇ બ્હેન છે. આજે એની વરસગાંઠ છે તેથી હું એને ઘેર જમવા જાઉં છું. આજે એને ઘેર સારી સારી રસોઇ થવાની છે; ને કેરીનાં ભજીયાં પણ થવાનાં છે.

૧૦. ભજીયાંનો શોખ.

હવે વાત એમ હતી કે આ કાણીઆ કબુતરને અને તેની વહુ કબુતરી કાકીને ભજીઆં ખાવાનો બહુજ શોખ. તેમાં પણ કેરીનાં ભજીયાંનું નામ સાંભળે એટલે તો એનાથી રહેવાયજ નહિ. પોતે તો ગરીબ રહ્યાં, એટલે કાંઇ રોજ ભજીયાં રાંધીને ખવાય નહિ. તેથી બીજા લોકોને ત્યાં ભજીયાં કર્યાં હોય તેની ખબર પડે કે છાનામાનાં તેની બારીએથી ઘરમાં ઘુસી જાય, અને પેલાં માણસોને ખબર પડે નહિ એવી રીતે ભંડારિયામાંથી પણ ભજીયાં ચોરીને ખાય. એવી તેમને ખરાબ ટેવ હતી.

મીઠુની વાત સાંભળીને કાણીઆ કબુતરના અને તેની વહુના મ્હોંમાંથી પાણી છૂટવા લાગ્યું. કાણીઆએ મીઠુને કહ્યું કે મને તારી સાથે ભજીયાં ખાવા લઈ જા. એટલે તેની કબુતરી બોલી કે તમે એકલા શાના જાઓ ? હું પણ સાથે આવવાની.

૧૧. દાઢ સળકી

આ પ્રમાણે તેઓ વગર નોંતરે જમવા જવાને તૈયાર થઇ ગયાં. પણ મીઠુએ કહ્યું કે મારાથી તમને પારકે ઘેર જમવા તેડી જવાય નહિ. મારે પોતાને ઘેર હોત તો જુદી વાત હતી.

ત્યારે કબુતરાંઓએ ગમુને કહ્યું કે અમને તારે ઘેર ભજીયાં ખાવા તેડી જા.

એ સાંભળી ગમુ તો ગભરાઈ. એનાથી બાને પૂછ્યા વગર કોઈ અજાણ્યા માણસને નોંતરૂં કેમ દેવાય? કદાચ દે, ને ખાવાનું ખુટી પડે તો કેવી ફજેતી થાય! એવો વિચાર કરીને તેણે કહ્યું કે મારી બાને પૂછીને હું તમને નોંતરૂં દઇ જઇશ.

ત્યારે કબુતરી કાકીએ પૂછ્યું કે તારી બા ના કહેશે તો?

તો હું નહિ આવું વળી—એમ ગમુએ જવાબ દીધો.

તે સાંભળીને કબુતર બોલ્યો— ત્યારે શું હું ભજીયાં ખાધા વગર રહી જાઉં? ને તે પણ વળી કેરીનાં ભજીયાં!

કબુતરી પણ બોલી કે—જો, મોટી માને પૂછવાવાળી આવી છે તે! અમને નહિ ઓળખતી હોય, જાણે!

એમ કહી કબુતરે અને કબુતરીએ એક બીજાની સામે જોઇને આંખમીચામણાં કર્યાં, અને કંઇક છાની છાની સંતલસ કરી. તે જોઇને ગમુને અને મીઠુને બહુ માઠું લાગ્યું. તેઓ બીજી વધારે વાત કરવા ઉભાં રહ્યાં નહિ, ને તરતજ સાહેબ સલામ કરીને ઘર બહાર નીકળી પડ્યાં.

૧૨. ઘેર આવી પહોંચ્યાં.

બહાર ખીસકોલી બાઇ રસ્તાની એક બાજુએ બેસીને પાન ચાવતાં હતાં. તે ગમુને જોઇને તરતજ બોલી ઉઠ્યાં—લે બેન, તું તે મને કેટલીક બધી ખોટી કરે છે. તારી બે પૈસાની મજુરીમાં મારો કેટલો બધો વખત ગયો!

ગમુએ કાંઇ જવાબ આપ્યો નહિ. પણ મીઠુની સાથે મજુરણના માથા પર ટોપલો ચઢાવ્યો અને સૌ ઘરને રસ્તે પડ્યા.

ઘેર આવીને ગમુએ ટોપલો ઉતરાવી મજુરણને મજુરી આપી વિદાય કરી. તેની બાએ બધી વસ્તુઓ જોઇ; ને સારી આણેલી હતી તેથી રાજી થઇ. પછી મા દીકરી રાંધવા બેઠાં અને મીઠુ ગમુના બાપાની સાથે વાતે વળગ્યો.

જ્યારે બધી રસોઈ તૈયાર થઇ ત્યારે ગમુએ પાટલા ગોઠવ્યા. મીઠુ અને બાપાએ અબોટિયાં પહેર્યાં અને હાથપગ ધોઈ સૌ જમવા બેઠાં. ગમુની બા તેમને પીરસવા લાગી. તે ભજીયાં તળતી જાય અને સાથે પીરસતી પણ જાય. ઉનાં ઉનાં ભજીયાં ખાવાની સૌને ઘણી મઝા પડી.



૧૩. ધોળાં કબુતર

હવે એવું બન્યું કે ભજીયાં તળવા માટે જે કેરીઓ આણેલી હતી તેમાંથી એક વધી હતી. તે ગમુની બાએ ચુલા પરની અભરાઇ પર મૂકી હતી. જ્યારે બધાં ખાતાં હતાં ત્યારે ઘરની એક બારીમાંથી બે કબુતર ઉડતાં ઉડતાં આવી પહોંચ્યાં; ને એક કબાટના મથાળા પર બેઠાં.

તેમને જોઇને મીઠુ અને ગમુ તરતજ ઓળખી ગયાં કે આ કબુતર તો આપણે ત્યાં ભજીયાં ખાવા આવ્યાં છે.

ત્યારે ગમુની બાએ કહ્યું કે—ઓહો ! કબુતરાંને તે વળી ભજ્યાંનો શોખ કેવો ?

પેલું કાણીયું કબુતર તો કબાટના મથાળા પર બેસીને બોલવા લાગ્યું કે આજે ગમુ બહેનની વરસગાંઠ છે. આજે ભજીયાં ને રાયતાં કરેલાં છે. મને ભજીયાં આપો, ભજીયાં આપો. આજે ગમુની વરસગાંઠ છે.

પણ તેને કોઇએ દાદ આપી નહિ. એટલે તે બરાડા પાડીને બોલવા લાગ્યું. તેની વહુ કબુતરી કાકી પણ બોલવા લાગી કે—અમને ભજીયાં આપો, ભજીયાં આપો. આજે ગમુની વરસગાંઠ છે. અમને ભજીયાં આપો.



બેઉ જણાં બને તેટલે મોટેથી બરાડા પાડીને બોલવા લાગ્યાં. તે જોઇને ગમુના બાપાને બહુજ ચીઢ ચઢી. ગમુની બાને કહ્યું કે પહેલાં આ કબુતરાંને હાંકી કાઢ.

૧૪. કબુતરાંની ઉડાઉડ.

ગમુની બાએ એક લાંબી ઝાડુ લીધી અને તે કબુતરોને ઉરાડવા લાગી. કબુતરો આમથી આમ ઉડે, કબાટ પરથી શીકે બેસે, શીકેથી ડામચીએ, ડામચીએથી ઉડીને ટોલ્લા પર, ને ટોલ્લા પરથી ઉડીને પાછા અભરાઇ પર બેસે; પણ કેમે કર્યાં ઘરની બહાર તો જાયજ નહિ. જ્યાં બેસે ત્યાંથી તે બરાડા પાડીને બોલે કે

ભજીયાં આપો. આજે તો ગમુ બહેનની વરસગાંઠ છે. ભજીયાં આપો.


એમ કરતાં કરતાં આમથી તેમ ઉડતાં ઉડતાં એક વાર તો કાણી આ કાકા છેક રાંધેલી રસોઇની પાસે આવીને બેઠા; ને ભજીયાં ખાવા લાગ્યા. તેની વહુ કબુતરી ચુલા પરથી અભરાઇ ઉપર જઇને બેઠી હતી.

૧૫. કેરી ગબડી.

ગમુની બાએ તેના તરફ ઝાડુ ઉગામી એટલે તે ઉડી. ઉડતાંની સાથે તેની પાંખનો ફફડાટો થયો. તેને લીધે પેલી કેરી જે અભરાઇ પર મુકી હતી તે ગબડી ને ચુલાની ઉપરના પેણામાંજ પડી. ઉકળતાં તેલમાં ઉંચેથી કેરી પડતાં તેના છાંટા ચોતરફ ઉડ્યા. પેલા કાણીયા કાકા ભજીયાં ખાવા સોડમાં ભરાયા હતા તેમની દેખતી આંખમાં ગરમાગરમ તેલ પડયું તેથી તેને પણ ઇજા ઘણી થઇ. ગભરાટમાં ને ગભરાટમાં તે ઉડયો; અને થોડા ફાંફા મારીને બારી બહાર નીકળી ગયો. તેની પાછળ તેની કબુતરી પણ ધાસ્તીની મારી નાસવા ગઈ. નાસતાં નાસતાં તેને બારીએ જડેલી ખીલી વાગી. ને લોહી પણ નીકળ્યું. છતાં તે પાછું વળીને જોવા પણ ન રહી.



પછી ગમુ અને મીઠુએ મીજબાની ઘણા આનંદથી ઉડાવી.



૧૬. છેવટ

બીજે દિવસે મીઠુએ કબુતરને ત્યાં જઇને તપાસ કરી; તો ખબર પડી કે કાણીઆકાકા તો ઘેર આવતાં રસ્તો ન સુઝવાથી ઝાડના થડ સાથે અથડાઇને તમ્મર ખાઇ પડી ગયા હતા. કબુતરી કાકી મહા મહેનતે તેમને ઉપાડીને ઘેર લાવ્યાં હતાં; અને પથારીમાં સુવાડી ચાકરી કરતાં હતાં. કેરીનાં ભજીયાં ખાવાનો ચટકો કરવાનું તેને એ ફળ મળ્યું.

ઉંદર મામા પહેરે જામા, માણસ જેવા કરતા કામ
રાંધે, વાંચે, ખેતર ખેડે, ચીજો લાવે આપી દામ;
એની આ ગમ્મતની વાત,
વાંચી ખૂબ થયા રળીયાત!



[illegible]
મૂરખરાજ
નીલમ
[illegible]
બાળવિલાસ
[illegible]
[illegible]
જાદુઈહાર
બરફીપુરી
સોનાકુમાર
તોફાની [illegible]
[illegible]
ધુપસળી
[illegible]
મોતીના [illegible]
એક હતો
કેરીના [illegible]
નવનીત
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

ગાંડીવ એટલે બાળસાહિત્ય

ત્રીસ પુસ્તકોનો પહેલો સટ— કિંમત

બીજા સટનાં પુસ્તકો:—(૧) ઝૂલઝૂલામણિ (૨) સવાકાની આપવીતી (૩ બો વાતો (૪) સિપાઈ દાદા (૫) મધપૂડો (૬) ઢોલગાકાકા (૭) સાગરસ (૮) [illegible] (૯) રિક્ટિક્કિ (૧૦) સારંગીવાળો.

આખા સટ લેનારને વળતર અપાય છે. વધુ માટે વિગતવાર સૂચી પત્ર મંગાવો.

ગાંડીવ